ગાંધીનગર નજીક આવેલા બાસણ ગામમાં પારાવાર સમસ્યાઓ ગ્રામજનો ભોગવી રહ્યા છે. ગામના દરબારવાસમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાઈ રહી છે. આ સમસ્યા અંગે ઘણી રજૂઆતો કરવા છતાં તેનો કોઈ ઉકેલ ન આવતા ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

વાવોલ કોલવડા અને સરગાસણ સહીતના વિસ્તારમાં ગુડાએ રસ્તા ખુલ્લા કર્યા

વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરાતા ટ્રાફિક પરિવહન માટે ફેવરેબલ સ્થિતિ : કેપિટલ સ્ટેશનને સ્પર્શતો અને કોલવડા જી આઇ ડી સી ને જોડતા રસ્તાને ખોલી મુખ્ય માર્ગ સાથે જોડાણ અપાયુ : વાહનચાલકોને રાહત થશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હાલ માર્ગોને ખુલ્લા કરવાનુ કામ હાથ ધરાયુ છે. તબક્કાવાર વિવિધ ટી પી સ્કીમોમાં રસ્તા ખુલ્લા કરવામાં આવી રહ્યા છે. વાવોલ, કોલવડા, સરગાસણ અને અડાલજમાં ટ્રાફિકના યોગ્ય પરિવહન માટે ૧૮ મીટર, ૩૦ અને ૩૬ મીટરની પહોળાઇ ધરાવતા માર્ગો ખોલવાવામાં આવ્યા છે. જયારે ગુડાની આ કામગીરીના લીધે કેપિટલ સ્ટેશનને જોડતો માર્ગ ઉપરાંત કોલવડા જી આઇ ડી સી સાથે જોડાયેલો માર્ગ અને સરગાસણ અને અડાલજ વિસ્તારમાં પણ નવા માર્ગો અસ્તિત્વમાં આવશે. ગુડા રસ્તા ખોલીને મુખ્યમાર્ગો સાથે જોડાણ કરતા આ રૂટમાં વાહનચાલકો અને રહીશોને પણ રાહત થશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કોલવડાની ટી પી સ્કીમ નં ૧૪ અને ૧૫ માં વિવિધ રસ્તા ખોલવા ઉપરાંત નવી અસ્તિત્વમાં આવેલી ટી પી સ્કીમ નં -૨૬ના વાસણા હડમતિયા, વાવોલ, અને ઉવારસદ વિસ્તારમાં ટી પી સ્કીમ નં-૧૦ માં અડાલજના વિસ્તાર તથા ટી પી સ્કીમ નંબર ૬,૭,૮ અને ૯માં સરગાસણ, કુડાસણ, ધોળાકુવા , તારાપુર સહીતના વિસ્તારમાં અડધો કીલોમીટરથી માંડીને બે કીલોમીટર લંબાઇના નવા રસ્તા ખોલવામાં આવ્યા છે. આ ઉપરાંત ગુડા દ્વારા આગામી દિવસોમાં નવા રસ્તાઓ ખોલવાની કામગીરી પણ ચાલુ રહેશે. ગુડાના વિવિધ ટી પી વિસ્તાારમાં રસ્તાઓ ખોલવા માટે ગુડાના ચેરમેન અને મહાનગરપાલિકાના કમિશ્નર ધવલ પટેલે ગુડાના તંત્રને કામે લગાડ્યુ છે. જયારે કોલડવાથી જી આઈ ડી સીને અને કેપિટલ સ્ટેશન પાસેથી પસાર થતો ૧૮ મીટર પહોળાઇનો માર્ગ તેમની હાજરીમાં જ ખોલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મહાનગરપાલિકના પદાધિકારીઓએ પણ ખેડુતોને સમજાવવા માટે મહત્વની કામગીરી કરી હતી. આવા સંજોગોમાં માત્ર પોણા ત્રણ કીલોમીટરની લંબાઈમાં રોડ બંધ હોવાના લીધે આ વિસ્તારમાં રહેવાસીઓને હાલાકી વેઠવી પડતી હતી. વાહનચાલકોએ લાંબુ અંતર કાપીને ફરીને જવાની નોબત આવી હતી. ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકમાં ભેળવી દેવાયા બાદ રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જ કરવામાં આવી રહી છે. અડલજ, વાવોલ, કોલવડા, સરગાસણ , રાયસણ રાંદેસણ, કુડાસણ, કોબા સહીતના વિસ્તારમાં વિકાસની પ્રક્રીયાને વેગ મળ્યો છે. તમામ વિસ્તારને અનુલક્ષી ગુડા કક્ષાએથી ૨૬ જેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવામાં આવી છે. ત્યારે આ વિસ્તાર કોર્પોરેશનમાં ભેળવી દેવાયા બાદ ભૌગોલિક સ્થિતિથી વાકેફ ગુડાના અધિકારીઓને રસ્તા ખોલવાની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૮૯૩૪ કેસ, ૩૪ના મોત

૧૫૧૭૭ દર્દી રિકવર થયા, ૩૪ના મોત : અત્યાર સુધીમાં ૧૦,૯૮,૧૯૯ દર્દી રિકવર થઇ ચુક્યાં છે, જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૩.૨૩ ટકા થયો

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં કોરોનાના આંકડા તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૮૯૩૪ કેસ નવા સામે આવ્યા છે. તો બીજી તરપ ૧૫,૧૭૭ દર્દીઓ સાજા થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૦,૯૮,૧૯૯ દર્દીઓ રિકવર થઇ ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૩.૨૩ ટકાએ પહોંચી ચુક્યો છે.

એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૬૯૮૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૪૬ વેન્ટીલેટર પર છે. ૬૮૯૪૧ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૯૮૧૯૯ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યા છે. ૧૦૫૪૫ નાગરિકોનાં મોત થઇ ચુક્યા છે. આજે કોરોનાને કારણે કુલ ૩૪ નાગરિકોનાં મોત થઇ ચુક્યાં છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઇન વર્કર પૈકી ૩૬ ને રસીનો પ્રથમ અને ૭૮૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૬૪૭૬ ને પ્રથમ ૧૫૭૮૫ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૫૬૧૪ ને પ્રથમ ૬૫૭૯૬ ને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૧૫-૧૮ વર્ષના ૨૦૦૦૪ ને પ્રથમ અને ૯૭૮૮૫ ને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૪૦૬૮૫ ને પ્રિકોર્શન ડોઝ અપાઇ ચુક્યો છે. આજે કુલ ૨,૭૩,૦૬૫ રસીના ડોઝ અપાઇ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૮૬,૫૫,૫૪૬૬ કુલ રસીના ડોઝ અપાઇ ચુક્યાં છે.

કચ્છી પાટીદાર સમાજનું ગૌરવ

બાયડ, તા. ૧

ભારતીય જનતા પાર્ટી કર્ણાવતી મહાનગરના બુદ્ધીજીવી સેલની વરણી કરવામાં આવી છે. જેમાં ધનસુરા તાલુકાના કાશીપુરા કંપાના વિનોદ ધનજીભાઈ ભાવાણીની સભ્ય તરીકે પસંદગી થતાં સમસ્ત કચ્છી પાટીદાર સમાજમાં આનંદ છવાયો છે.

સહકારી યુવા અગ્રણી, કેળવણીવિદ વિનોદ ભાવાણીને પ્રથમથી લેખન અને વક્તૃત્વનો શોખ રહેલો છે. આકરૂન્દ હાઈસ્કૂલના તેજસ્વી વિદ્યાર્થી તરીકે અને વર્ષ ૧૯૮૪ની ધો. ૧૦ હોર્ડ પરીક્ષામાં ધનસુરા કેન્દ્રમાં પ્રથમ સ્થાને આવી પોતાની પ્રતિભાને સૌને આગવી ઓળખ આપી હતી. જ્યારે બિલ્ડર તરીકે પણ ખ્યાતિ મેળવ્યા પછી વાંચન-લેખનનો શોખ જીવનમાં વણી લીધો છે.

કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી આપો

ખેડૂતોને રાત્રે જોખમી ઉજાગરા ના કરવા પડે તે માટે સરકારે યોજના મુકી હતી તેનો અમલ કરવા માંગ

ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગર જિલ્લાના દહેગામના મામલતદાર કાર્યાલય ખાતે અને યુજીવીસીએલ ગ્રામ્ય કચેરી ખાતે આજે આમ આદમી પાર્ટી દ્વારા કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને ખેતી અને સિંચાઈ માટે દિવસે વીજળી આપવા રજૂઆત કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના નેતા જય વાઘેલા, રામજીભાઈ દેસાઈ, જિલ્લા ઉપપ્રમુખ દીપકભાઈ મહામંત્રી અને નિલેશભાઈ તાલુકા ઉપપ્રમુખ દ્વારા આજે આ બાબતે માંગ કરવામાં આવી હતી.

આપ પાર્ટીએ રજુઆત કરી હતી કે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ઉત્તર ગુજરાતમાં ખેડૂતોને રાત્રે ઉજાગરા ના કરવા પડે તે માટે બાયડ ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાની શરૂઆત કરાવવામાં આવી હતી તે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાંપા ગામે સમર્પણ ફાર્મ ખાતે કિસાનોને દિવસે વીજળી આપતી મહત્વાકાંક્ષી યોજના એટલે કિસાન સૂર્યોદય યોજના

મોટી જાહેરાતો કરવામાં આવી હતી. રાત્રે ખેડૂતોને ખેતરમાં પિયત વેળાએ જ્યારે જીવ જંતુઓ અને જંગલી જાનવરોનો ડર રહેતો હતો તેવી તમામ મુશ્કેલીઓને અંત લાવવા માટે કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત બમણી આવક મેળવશે, વધુ સમૃદ્ધ બનશે, ખેડૂતોને દિવસે વિજળી મળતાં હવે હેરાન નહીં થવું પડે, ખેડૂતો રાત્રે વિશ્રામ અને દિવસે કામ થકી વધુ સમૃદ્ધ બનશે તેવી તેવું મોટી જાહેરાતો કરવામાં આવી હતી પરંતુ હાલની પરિસ્થિતિ જોતા અગમ્ય કારણોસર ખેતી માટે દિવસે વિજળી આપવને બદલે ખેડૂતોને રાત્રે જ વિજળી આપવામાં આવે છે.

જેથી ખેડૂતો રાત્રે ખેતી માટે ઉજાગરા કરવા મજબૂર બન્યા છે. આ સાથે રાત્રે આપવામાં આવતી વીજ પ્રવાહમાં પણ વીજ કાપ મૂકવામાં આવી રહ્યો છે. ભૂતકાળમાં પણ કોલસાની અછત વર્તાવી અને વિવિધ કારણો બતાવીને ખેડૂતોને વીજ કાપ આપીને પણ હેરાનગતિ કરવામાં આવી હતી જેથી વિવિધ ખેડૂતોની રજૂઆતના આધારે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને કિસાન સંગઠન દ્વારા ખેડૂતોના હિત માટે આવી યોજનાઓનું અમલીકરણ તાત્કાલિક ધોરણે થાય અને ખેડૂતોના હિત માટે નક્કર પગલાં લેવામાં આવે તેવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

આજે ગુજકોસ્ટે "વર્લ્ડ વેટલેંડ ડે"ની ઉજવણી કરી

ગાંધીનગર તા.૦૨

પ્રતિવર્ષ તા.૨જી ફેબ્રુઆરીએ પૃથ્વી માટે વેટલેંડના મહત્વ વિષે જાગૃતિ ફેલાવવા માટે "વર્લ્ડ વેટલેંડ ડે"ની ઉજવણી કરવામાં આવે છે.



"વર્લ્ડ વેટલેંડ ડે"ની ઉજવણી નિમિતે ગુજરાત સાયન્સ સિટી દ્વારા ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી - ગુજકોસ્ટ સાથે આજે ખાસ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માનવજાત અને પૃથ્વી માટે વેટલેન્ડ નું મહત્વ અને તેના સંવર્ધન અને સસ્ટેનેબલ ઉપયોગ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ અંતર્ગત નિવૃત્ત કઝર્વેટર ફોર ફોરેસ્ટ ઉદય વોરા, ગીર ફાઉન્ડેશનના સિનયર સાયંટિસ્ટ ડો.કેતન તાટુ, વડોદરા ખાતેની ગુજરાત ઈકોલોજી સોસાયટીના ડાયરેક્ટર ડો.જયેન્દ્ર લખ્મપુર્કા અને એમએસ યુનિવર્સિટીના ઝૂઑલૉજીના પ્રોફેસર ડૉ રંજિતસિંહ દેવકર દ્વારા માહિતીસભર સંવાદ આપવામાં આવ્યા હતા. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર એચ.સી.મોદીએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને તેમણે "વર્લ્ડ વેટલેંડ ડે"ના મહત્વ વિષે જણાવ્યુ હતું. ગુજરાતના વેટલેંડ પર ભાર મુક્તા તેમણે જણાવ્યુ કે "ગુજરાત સૌથી વધુ વેટલેંડ ધરાવે છે". તેમણે ગુજરાતના વિવિધ વેટલેંડ વિષે માહિતી આપી હતી અને તેના દુર્લભ પક્ષીઓ અને વનસ્પતિઓ અંગે પણ જણાવ્યું હતું. ડો. કેતન તાટુએ વેટલેંડની ઈકોલોજિકલ વેલ્યૂ અને સર્વિસિસ વિષે વિસ્તારપૂર્વક જણાવ્યું હતું. ઉદય વોરાએ વિવિધ વિદેશી પક્ષીઓ, વેટલેંડ અને તેમને કયા વેટલેંડ આકર્ષે છે તે વિષે જણાવ્યુ હતું. ડો.જયેન્દ્ર લખ્મપુર્કાએ ગુજરાતમાં ઈકોસિસ્ટમની પરસ્થિતિ અને તેના સંવર્ધનની જરૂરિયાત વિષે જણાવ્યુ હતું. ડૉ.રંજિતસિંહ દેવકરે ગુજરાત અને તેના પ્રદેશના પક્ષીઓ અને તેના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય અંતર્ગત ચર્ચા કરી હતી. જામનગર સ્થિત ગુજરાતની ખીજડીયા પક્ષી અભિયારણ ચોથી રામસેર સાઈટ જાહેર થઈ હોવાથી ગુજરાતના વેટલેંડનું આંતરરાષ્ટ્રીય મહત્વ પણ વધી જાય છે.

શહેરી ગેસ વિતરણ ક્ષેત્રે અદાણી ટોટલ ગેસ આવતા ૮ વર્ષમાં ૨૦ હજાર કરોડનું રોકાણ કરશે

શહેરી વસાહતોમાં ખાનગી ગેસ વિતરણના ક્ષેત્રની દેશની સૌથી મોટી અને અદાણી જુથ અને ટોટલ એનર્જી સાથેના સંયુક્ત સાહસની અદાણી ટોટલ ગેસ લિ.એ ૧૪ નવા ભૌગોલિક ક્ષેત્રમાં તેના શહેરી ગેસ વિતરણ માટેના માળખાને વિસ્તારવા માટે તાજેતરમાં બિડ હાંસલ કરીને લાયસન્સ મેળવ્યા છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડના હમણાં જ સંપ્પન થયેલી ૧૧ રાઉન્ડની બિડીંગ પ્રક્રિયાના અંતે આ બિડ જીતી લીધી હતર્લ્દેશના જે ૧૪ ભૌગોલિક ક્ષેત્રો અદાણી ટોટલ ગેસ લિ.ને મ/યા છે તેમાં આસામના નાગોન, મોરીગાઓન,હોજાઈ,કરબી એન્ગલોન્ગ, પશ્ચિમ કરબી એન્ગલોન્ગ અને દીમા હાસાઓલ કોક્રાજહર, ધુબ્રી,દક્ષિણ સલ્માારા-માકચર અને ગોલ્પારા, બક્ષા, બારપેટા, બોન્ગેઈગાઓ, ચિરાંગ, નલબરી અને બજાલી જિલ્લાઓનો સમાવેશ થાય છે જયારે છત્તીસગઢ રાજ્યના કબિરધામ, રાજનંદગાવ, કાંકેર, મુન્ગેલી, બેમેતારા, દુર્ગ, બાલોદ અને ધામતરી, જાશપુર, રાજગઢ, જાન્જગિર-ચંમ્પા અને મહાસમંદ, ઝારખંડના ગુમ્લા, લતેહર, લોહરડગા, સિમ્ડેગા, ગર્હવા અને ખુંટી, મધ્યપ્રદેશના બુરહાનપુર, ખંડવા, ખરગોન, હારદા, તિકમગઢ, નિવારી, છત્તરપુર અને પન્ના જિલ્લાઓ, મહારાષ્ટ્રના અકોલા, હિંગોલી, વાશિમ, અમરાવતી, યાવાતમી, ભંડારા, ગોંદીયા ગઢચિરોલી ઉપરાંત મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશના અલિરાજપર, નંદુરબાર અને બરવાની જિલ્લા તથા ઓરીસ્સાના કોરપુર, માલ્કાનગીરી અને નબરંગપુર જિલ્લાઓનો સમાવેશ થાય છે. આમ હવે અદાણી ટોટલ ગેસ લિ.બાવન ભૌગોલિક ક્ષેત્રોના ઘરોને ઈંધણ ગેસ પૂરો પાડનારી કંપની બની છે. આ પૈકીના ૧૯ વિસ્તારોમાં તે ઈન્ડિયન ઓઈલ કંપની સાથે વ્યુહાત્મક સાહસ ભાગીદારીમાં તે ગેસ વિતરણ કરે છે. ૩ કેન્દ્ર શાસિત પ્રદેશો અને ૧૮ રાજ્યોના ૧૧૮ જિલ્લાઓમાં ફેલાયેલા બાવન વિસ્તારોમાં તેનો હિસ્સો ૧૫ ટકા છે.

મૃત્યુ ડબલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અવગણી શકાય તેમ નથી. ૩૧ જાન્યુઆરીએ દેશમાં ૯૫૯ લોકોના મોત થયા છે, જ્યારે ૨૫ જાન્યુઆરીએ દેશમાં રેકોર્ડ ૬૧૪ મૃત્યુની પુષ્ટિ થઈ હતી. વિશ્વ આરોગ્ય સંસ્થા વિશ્વના તમામ દેશોને કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટ વિશે વારંવાર ચેતવણી આપી રહી છે અને કહી રહી છે કે, ખતરો હજુ ટળ્યો નથી. ઉઝ્ઁએ ફરી એકવાર કહ્યું છે કે, વિશ્વના ઘણા દેશોમાં ઓમિક્રોન વેવની પિક આવવાની બાકી છે. તેથી કોવિડ-૧૯ પ્રતિબંધો ધીમે ધીમે હળવા કરવામાં આવે. મંગળવારે કોવિડ-૧૯ પર વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ટેકનિકલ લીડએ આ સૂચન કર્યું હતું. ઓનલાઈન બ્રીફિંગમાં, ઉઝ્ઁના અધિકારી મારિયા વેને કહ્યું કે, અમે બધાને અપીલ કરીએ છીએ કે, ઘણા દેશોમાં ઓમિક્રોન વેરિઅન્ટના પિક આવવાની બાકી છે. ઘણા દેશોમાં કોરોના રસીકરણનો દર ઘણો ઓછો છે અને આ દેશોની નબળી આબાદીને કોવિડ-૧૯ રસી મળી નથી. તેથી, આવા સમયે, એક સાથે તમામ પ્રતિબંધો દૂર કરવા જોઈએ નહીં. મારિયા વેને કહ્યું કે, અમે હંમેશા તમામ દેશોને કોવિડ-૧૯ પ્રતિબંધોને ધીમે ધીમે હળવા કરવાની અપીલ કરી છે.

કારણ કે, આ વાયરસ શક્તિશાળી છે. તે જ સમયે, ઉઝ્ઁ સેક્રેટરી-જનરલએ કહ્યું કે, કેટલાક દેશોમાં એવી માન્યતા વધી રહી છે કે, રસીકરણના મહત્ત્મ દર અને ઓમિક્રોનની ઓછી ઘાતકતાને કારણે ખતરો ટળી ગયો છે. આ પ્રકાર ચોક્કસપણે અત્યંત ચેપી છે પરંતુ ખૂબ જીવલેણ નથી, તેથી વધુ ગભરાવાની જરૂર નથી. પરંતુ આવું વિચારવું ખોટું છે. તેમણે કહ્યું કે, ચેપ વધવાને કારણે મૃત્યુઆંક પણ વધી શકે છે. જોકે, અમે એવું નથી કહી રહ્યા કે, દેશોમાં ફરીથી લોકડાઉન લાદવામાં આવે. પરંતુ અમે તમામ દેશોને વિનંતી કરીએ છીએ કે, તેઓ તેમના નાગરિકોને કોરોના સંબંધિત નિયમોનું પાલન કરવા કહે. કારણ કે એવું નથી કે, આ રોગચાળા સામે લડવા માટે માત્ર રસી જ એકમાત્ર શસ્ત્ર છે. તેમણે એમ પણ કહ્યું કે, એ વિચારવું બિલકુલ ખોટું છે કે, આપણે કોરોના મહામારી સામેની લડાઈ જીતી લીધી છે.

બાળકો માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જોકે ગયા વર્ષે ફાઈઝરે જાહેરાત કરી હતી કે બે થી પાંચ વર્ષની વયના બાળકોમાં કોવિડ-૧૯ને રોકવામાં બે-ડોઝની રસી ઓછી અસરકારક સાબિત થઈ છે, અને નિયમનકારોએ કંપનીને એવી માન્યતા પર અભ્યાસમાં ત્રીજો ડોઝ ઉમેરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

ઉભા ન રાખ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર છે જ્યારે શિવપાલ યાદવ ઈટાવા જિલ્લાની જસવંતનગર બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે. કરહલ અને જસવંતનગર વિધાનસભા ક્ષેત્રમાં ત્રીજા તબક્કામાં ૨૦ ફેબ્રુઆરીએ મતદાન થવાનુ છે. બંને ક્ષેત્રમાં ૧ ફેબ્રુઆરીએ નામાંકન પત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ હતી.

મંગળવારે નામાંકન પત્ર દાખલ કરવાની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે.

એવામાં નામાંકનના દિવસે પણ કોંગ્રેસે અખિલેશ યાદવ અને તેમના કાકા તેમજ પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના પ્રમુખ શિવપાલ સિંહ યાદવ સામે ઉમેદવાર ઉતાર્યા નથી.

૨૭૯ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવોલ, સે. ૨, સે. ૩૦, પાલજ અને પેથાપુરમાં વધુ એક્ટીવ કેસો સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેર-જિલ્લામાં ત્રીજી લ્હેરમાં ૧૦ દર્દીના મોત થયા

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાની આ ત્રીજી લ્હેરમાં આજ સુધી ૧૦ દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે.

૬ ગ્રામ્ય વિસ્તારના દર્દી અને ૪ શહેરના દર્દીઓના મોત સારવાર દરમ્યાન થયા છે. મૃત્યુ પામનાર દર્દીઓમાંથી મોટાભાગના દર્દીઓ કો-મોર્બિડ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

૧૫૨ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે. અડાલજમાં ૯૪ વર્ષના મહિલા અને ૯૯ વર્ષીય વૃદ્ધ સંક્રમિત થયા છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૧૮ ખેડૂત, ૨૨ વિદ્યાર્થી, ૧ ડ્રાયવર, ૮ નાના વેપારી, ૮ સરકારી કર્મચારીનો પણ સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૭ દર્દી ૧૦ કે તેથી ઓછી વય ધરાવતા નોંધાયા છે. દહેગામમાં ૭ વર્ષનો દિકરો, ડભોડામાં ૪ વર્ષનો દિકરો, બોરીસણમાં ૬ વર્ષનો દિકરો, બોરીસણમાં ૧૪ મહિનાની દિકરી, કલોલમાં ૪ વર્ષની દિકરી, પાનસરમાં ૨ વર્ષની દિકરી અને કલોલમાં ૧૦ વર્ષનો દિકરો સંક્રમિતની યાદીમાં છે.

જિલ્લામાં મહિલા, બાળ દર્દી, તેમજ વિદ્યાર્થીઓ સંક્રમિત વધુ થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની તેમજ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટે તાકીદ કરી છે.

દહેગામ તાલુકામાં હિલોલમાં ૨, દહેગામ શહેરમાં ૧૧, મોટા જલુન્દ્રામાં ૩, જિંડવામાં ૨, રખિયાલમાં ૨ કેસ ઉપરાંત શક્તિપુરા, ઝાંક, હરસોલી, હરસોલી નવી, કડાદરા, સરગુડી, ચિસકારી, અમરાજીના મુવાડા, પાટનાકુવા, નવા પહાડિયામાંથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગરમાં આજે નોંધાયેલા કેસોમાં અડાલજમાં ૧૫ કેસ, આદર મોટી, લવારપુર, છાલા, ઉવારસદ, રૂપાલમાં ૪-૪ કેસ, ચંદ્રાલા, ચિલોડામાં ૨-૨ કેસ ઉપરાંત મગોડી, સાદરા, ચેખલારાણી, જાખોરા, ડભોડા, ગિયોડ, કાનપુર, ઉનાવા અને કસ્તુરીનગરમાંથી પણ કેસો મળ્યા છે.

કલોલમાં બોરીસણામાં ૧૦, કલોલ શહેરમાં ૨૨, શાંતિગ્રામ અદાણીમાં ૧૨, ડિંગુચા, ગોલથરામાં ૨-૨ કેસ ઉપરાંત ધાનજ, જાસપુર, ભોંયણમોટી, ભીમાસણ, પિયજ, નારદીપુર, ચાંદીસણા, પલિયડ, પાનસર, છત્રાલ, રાંચરડા, સઈજ અને ધમાસણામાંથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં બદપુર અને અલુવામાંથી ૨-૨ કેસ ઉપરાંત સમૌ, ઈટાદરા, લોદરા, જામળા, મેદરા, અમરાપુર, મકાખાડમાંથી પણ કેસ મળી આવ્યા છે.

તંત્રએ ચારેય તાલુકામાં કેસો જે રીતે મળી રહ્યા છે તેને લઈ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ, ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૦૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૯૦૦ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૮૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

એક મહિના બાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધારણાની કામગીરી શરૂ કરી દેવાશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સર્કલોની જાળવણીનુ કામ પુર્ણ કરવા માટે પણ સંબંધિત સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હતી જયારે પ્રારંભિક તબક્કામાં સર્કલોમાં પણ સફાઇ અને રંગરોગાનનુ કામ હાથ ધરાયુ હતુ જો કે આ કામગીરી પણ પુર્ણ કરવામાં આવી નથી. ત્યારે શહેરમાં છેલ્લા ત્રણ વર્ષના અંતે વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી હાથ ધરાયેલી કામગીરી પણ ઠપ્પ થઈ જતા નગરમાં બ્યુટીફિકેશનની સાથે માળખાગત સુવિધાને યોગ્ય કરવાનુ આયોજન પણ ખોરંભે પડયુ છે. વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી માર્ગોની સુધારણા તેમજ સુશોભન માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ત્યારે બાકી રહેતી કામગીરી પણ ઝડપથી પુર્ણ થાય તે અનિવાર્ય છે.

લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

સપડાય છીએ. આપણે વિકટ પરિસ્થિતિનો સામનો કરી ચૂક્યા છીએ... અનેક સગાં-સ્નેહી - પરિચિતોને આ મહામારી ભરખી ગઈ એ આપણે નિહાળ્યું છે. છતાં આજે બેફામ વર્તી રહ્યા છીએ. બેજવાબદાર લોકોની બેદરકારી સઘળી સાવચેતી ઉપર પાણી ફેરવી દે છે. મોજશોખને ખોટા દેખાડા પાછળ વગર વિચાર્યું ખર્ચ કરનારા સ્વાસ્થ્ય કે હેલ્થકેર માટે ન છૂટકે પૈસા ખર્ચે છે....આવા લોકોને શું કહેશો ?!

સાચે જ મનુષ્ય સિવાયના અન્ય જીવો પોતાનું કર્તવ્ય સુપેરે નિભાવી જાણે છે, પરંતુ માણસ પાસે સુસંસ્કૃત થવાના નામ પર સદીઓના ઈતિહાસનો અનુભવ હોવા છતાં માણસ માણસ તરીકે જીવે છે ખરો ?! તેથી જ કવિ સુંદરમ્ -એ કહ્યું છે ; પૃથ્વી ઉછંગે ઊછરેલ માનવી,

હું માનવી માનવ થાઉં તો ઘઉં !

પેઢીઓની પેઢીઓ સુધી ગુલામી વેઠનારી પ્રજાની અડધી રાતે મળેલી આઝાદીને પચાવવાની તાકાત કેટલી ?! સ્વરાજ યાત્રામાં હોમાઈ જનારા અનેક નામી અનામી વીર સપૂતોના સમર્પણનું મૂલ્ય કોણ આંકશે ?!

મિત્રો, ગણતંત્ર ઊર્ફે પ્રજાસત્તાક રાષ્ટ્ર એટલે પ્રજા થકી ચાલતું તંત્ર... સાચા અર્થમાં પ્રજાની સત્તા.... પણ અહીં તો સત્તાકારણનું અનોખું રાજકારણ ફૂલ્યું ફાલ્યું છે. ભલે વિશ્વ સ્તરે 'મોદીજી'નું નામ પોંખાતું હોય પરંતુ દેશમાં પાયાના પ્રશ્નો મોં ફાડીને બેઠા છે. મોદીજી પાસે આ દેશ બહુ મોટી અપેક્ષાઓ રાખીને બેઠો છે. દેશની અંદર અને બહાર અનેક પડકારોને પડકારવાના છે. આ બધું સરકાર એકલી ન કરી શકે... પ્રજાને જાગ્રત થવું પડશે. આઝાદીના સાત-સાત દાયકાઓ વિતાવ્યા પછીયે 'ગાંધીના ચશ્મા' ની યાદ અપાવી 'સ્વચ્છ ભારત' માટે સ્વચ્છતાના પાઠ સરકારે ભણાવવા પડે એ દુર્ભાગ્ય નથી તો બીજું શું છે ? ધર્મના નામે, જ્ઞાતિ-જાતિ, સંપ્રદાયોના નામે એકાધિક કુંડાળામાં એમાંયે જાતિ - જ્ઞાતિ માંથે પેટા વિભાગોની સરહદો.... ને આપણે પાછાં 'વિવિધતામાં એકતા'નું દાંભિક ગુણગાન કરીએ !!! આ કેવું હાસ્યાસ્પદ !!!

આતંકવાદ, નકસલવાદ, માફીયાગીરી, મહામારી માઝા મૂકે છે. આ કપરાકાળમાં માણસાઈને વ્યાપક બનાવવા 'વસુદૈવ કુટુંબકમમ્ના મંત્રને પુનર્જીવિત કરીએ, કુરિવાજોને જાકારો આપીએ, ગામડે ગામડે પુસ્તકાલયોનું નિર્માણ કરીએ, ઉત્તમ શિક્ષણ વ્યવસ્તા ઊભી કરીએ, ગામડાંને સ્વાવલંબી બનાવીએ, જીવદયાને સંવર્ધિત કરીએ,